અપીલ અરજી નં.૨૪૦ તા .૩૦–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રાઠોડ ભાણજીભાઈ રૂડાભાઈ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાઠોડ ભાણજીભાઈ રૂડાભાઈની તા.૪–૭–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) નોર્થઝોન ગાયત્રીડેપો વ્યવસ્થાતંત્ર કાર્યો અને ફરજોની વિગતો તેમજ અધિકારીઓ અને કર્મચારીઓની ફરજો –અધિકારીઓની પુખ્ત જાણકારીની વિગતો આપવી મુદ્દા નં. (૨) દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતિઓની પુખ્ત વિગતો આપવી અને પોતાના કાર્યો બજાવવા માટે નકકી કરેલાં ધોરણોની વિગતો આપવી વિ.મુદ્દા નં. (૧) થી (૫) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩૦–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૪૦/૨૦૧૧–૧૨

શ્રી રાઠોડ ભાણજીભાઈ રૂડાભાઈની તા.૪–૭–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) નોર્થઝોન ગાયત્રીડેપો વ્યવસ્થાતંત્ર કાર્યો અને ફરજોની વિગતો તેમજ અધિકારીઓ અને કર્મચારીઓની ફરજો –અધિકારીઓની પુખ્ત જાણકારીની વિગતો આપવી મુદ્દા નં. (૨) દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતિઓની પુખ્ત વિગતો આપવી અને પોતાના કાર્યો બજાવવા માટે નકકી કરેલાં ધોરણોની વિગતો આપવી વિ.મુદ્દાનં. (૧)થી (૫) ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ના પત્ર નં. એન.ઝેડ/આઉટ/૨૯૬૫ તા. ૧–૦૮–૧૧થી મળેલ માહિતી અધુરી અને ખોટી આપવામાં આવેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩૦– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા **સાથે મુદ્દા નં.૧ થી ૩ સ્વંય જાહેર કરવા યોગ્યની હોવા છતાં પુરી માહિતી અપાયેલ ન હોઈ પ્રોએકટીવ ડીસ્કલોઝરમાં મૂકેલ પૈકીની વિગતવાર માહિતી સહ વિગત મોકલવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૭૫૦ તા.૬–૯–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) તથા અરજદારને મુદ્દા નં.૪ અને ૫ ની માહિતી પત્રક સહ મળ્યા બાદ તે અંગે શું નારાજગી છે આધારસહ તે સ્પષ્ટ કરવા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નોર્થઝોન/આ.નં.૪૧૪૪ તા.૨૦–૯–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/આ.નં.૨૯૬૫ તા.૧–૮–૧૧ ના પત્રની નકલ, ગાયત્રી ડેપો ઉપર હેવી ફોર વ્હીકલ લાઈટ વ્હીકલ ડ્રાઈવર તેમજ કલીનર અને બેલદારોના નામ કર્મચારી નંબર તથા પત્રક સહિતની નકલ., અરજદારને એન.ઝેડ/આ.નં. ૪૧૪૨ તા.૨૦–૯–૧૧ ના રોજ આપેલ માહિતી અંગેના પત્રની નકલ, (૧) અધિકારી/કર્મચારીઓની દેખરેખ અંગેના જવાબદારી એક પત્રક–૧, અને પત્રક–૨ ની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૪–૯–૧૧ નો પૂરક પત્ર તથા ડીવીડી મળેલ છે.

અરજદારની તા.૪–૭–૧૧ ની અરજીથી ગાયત્રી ડેપોના આરોગ્ય વ્યસ્થાતંત્ર બાબતે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૨૯૬૫ તા.૧–૮–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવામાં આવેલ. જે અંગે અરજદારે અધૂરી અને અમુક ખોટી માહિતી હોવાનું જણાવી તા.૩૦–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. ત્યાર બાદ અપીલ તબકકે અરજદારને પત્ર નં.એન.ઝેડ/આ.નં.૪૧૪૨ તા.૨૦–૯–૧૧ થી પૂરક માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજીના મુદ્દા નં.(૧) નોર્થઝોન ગાયત્રીડેપો વ્યવસ્થાતંત્ર કાર્યો અને ફરજોની વિગતો તેમજ અધિકારીઓ અને કર્મચારીઓની ફરજો –અધિકારીઓની પુખ્ત જાણકારીની વિગતો આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નોર્થઝોન/(કતારગામ) આરોગ્ય વિભાગના ગાયત્રી ડેપોના મ. આ.નિ. ની ફરજમાં વાહન ડેપોના તમામ વાહન/મશીનરીને રૂટીંગ કામગીરી સમયસર ચાલુ થાય અને નિયત સમયમાં થાય તેમજ કામગીરીનું મોનીટરીંગ કરવાનું હોય છે. તેવું જણાવેલ છે. ત્યાર બાદ પૂરક માહિતીમાં અરજદારને નોર્થઝોન ગાયત્રીડેપોના વ્યસ્થાતંત્ર સબંધિત અધિકારી/કર્મચારીઓની કાર્યો અને ફરજોની વિગતો સાથેનું પત્રક–૧ પુરું પાડવામાં આવેલ છે. જેમાં ઝોનના ના.આરોગ્ય અધિકારી, મુખ્ય આરોગ્ય નિરીક્ષક તથા મ. આરોગ્ય.નિરીક્ષકએ કરવાની આરોગ્યલક્ષી ફરજોનું વર્ણન છે. મુદ્દા નં. (૨) દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતિઓની પુખ્ત વિગતો આપવી અને પોતાના કાર્યો બજાવવા માટે નકકી કરેલાં ધોરણોની વિગતો આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી દેખરેખ અને જવાબદારી અન્વયે ઉપરી અધિકારીશ્રી ધ્વારા સૂચવવામાં આવેલ આરોગ્યલક્ષી કામગીરી કરાવવામાં આવે છે. ત્યાર બાદ પૂરક માહિતીમાં દેખરેખ અને

જવાબદારીના માધ્યમ સહિતની માહિતી પત્રક નં.ર માં પુરું પાડવામાં આવેલ છે. જેમાં ગાયત્રીડેપોના અધિકારી કર્મચારીઓનો સંસ્થાકીય ચાર્ટ છે. મુદ્દા નં.૩ કાર્યો બજાવવા માટે પોતાની પાસેના અથવા નિયંત્રણ હેઠળના કે કર્મચારીઓ ધ્વારા અનુસરવામાં આવતા નિયમો વિનિયમો , સુચનાઓ નિયમસંગ્રહો અને તે સબંધી રેકર્ડની વિગતો આપવી. તથા કર્મચારી નંબરની વિગતો નામ સાથે આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કર્મચારીઓ ધ્વારા તેમને સોપવામાં આવેલ આરોગ્યલક્ષી કામગીરી નિયત સમયમાં સંતોષકારક અને પૂર્ણ કરવામાં આવે તે જરૂરી છે ગાયત્રી વાહન ડેપોના ડ્રાઈવરો અને બેલદારની નામ/કર્મચારી નંબર સહિતનું માહિતી પત્રક આ સાથે સામેલ છે. તેવું જણાવેલ છે. ત્યાર બાદ પૂરક માહિતીમાં સુરત મહાનગપાલિકાના બીપીએમસી એકટ મુજબ કામગીરી થાય છે. વધુમાં બીપીએમસી એકટની માહિતી સુમપાની વેબસાઈટ WWW.suratmunicipal.gov.in પર જોવા મળશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ આ ગાયત્રી ડેપો આરોગ્યખાતાને સેવા બજાવવા માટે વ્હીકલ વાહનો કેટલા તેની વિગત આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ગાયત્રી વાહન ડેપોના વ્હીકલની માહિતી પત્રક આ સાથે સામેલ છે. તેવું જણાવેલ છે. ત્યાર બાદ પૂરક માહિતીમાં સદર પત્રકની પુનઃ નકલ પૂરી પાડવામાં આવેલ છે. જેમાં ગાયત્રી ડેપોના વાહન નંબર વાહનનો પ્રકાર ડ્રાઈવર કર્મચારી નંબર સહિતની વિગતો પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.પ આ ગાયત્રીડેપો આરોગ્યખાતાના વિસ્તારમાં કુલ કન્ટેનર પ્લેટફોર્મ કેટલા? અને નિયમોનુસાર તેની સ્થિતિ કેવી હોવી જોઈએ? તેમજ કન્ટેનરની કન્ડીશન કેવી હોવી જોઈએ અને સ્થિતિ શું છે? તે બાબતે પુખ્ત માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નોર્થઝોન (કતારગામ) આરોગ્ય વિભાગના વિસ્તારમાં કુલ ૧૮૭ કન્ટેનર સ્પોટ આવેલ છે ઈજનેરી વિભાગ ધ્વારા સમય અંતરે કન્ટેનર સ્પોટ રીપેરીંગ કામગીરી કરવામાં આવે છે. કન્ટેનર કન્ડીશન સારી હાલતમાં જળવાઈ રહે તે માટે જરૂરી રીપેરીંગ કામગીરી સમય મર્યાદામાં કરવામાં આવે છે. ત્યાર બાદ પૂરક માહિતીમાં આપેલી માહિતી ની પુનઃ તા.ર૦–૯–૧૧ થી પત્રકની કોપી આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. આમ અરજદારને મુદ્દા નં.૧ થી પ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી માહિતી અધૂરી અને ખોટી હોવાનું જણાવી તા.૩૦–૮–૧૧ ના રોજ અપીલ કરેલ જે સંદર્ભે અત્રેથી આરટીઆઈ સેલ/૭પ૦ તા.૬–૯–૧૧ થી મુદ્દા નં.૪ અને પ માહિતી પત્રકસહ મળ્યા બાદ તે અંગે શું નારાજગી છે તે આધારસહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવેલ. જે અંગે અરજદારે તેના સંદર્ભે તા.૧૪–૯–૧૧ ના પત્રમાં માહિતીના પાંચ મુદ્દા અમારા સમજવા તથા જાણવા મુજબ અધૂરા અને ખોટા આપેલ છે તેવું અનુમાન કરેલ છે. અને ડીવીડી રજૂ કરેલ છે તેવું જણાવેલ છે. જેમાં અરજદારે કતરગામઝોનમાં મુકાતી કચરાપેટીના વીડીયોગ્રાફી ગંદકીવાળા કતારગામ કંતારેશ્વર મહાદેવના રસ્તા પાસેના કન્ટેનરની જગ્યા, કતારગામમાં ગાર્ડનવ્યુ એપાર્ટ, ઈન્દ્રપથ એપાર્ટ, અને મસ્જિદ મહોલ્લો નો વિસ્તાર અમરોલી હાઉસીંગ રીલાયન્સ, બાપા સીતારામચોક, વિજયરાજ શિવમ–ર કચરાપેટી, શીવછાયા સોસા. સામે બાપાસીતારામની મઢીની પાસેનો પોઈન્ડ, બહુચરનગર, હરીનગર ડાઈંગ સામેનો પોઈન્ટ નાની બહુચરાજી પન્ડોલ ગેટ ,કુબેરનગર, પીપલ્સ બેંક ચાર રસ્તા હરીકૃષ્ણ હોસ્પિલ ગોટાલાવાડી સી ટેના મેન્ટ વિગેરે વિસ્તારના સ્પોટ જણાય છે. જેમાં સ્પોટની આજુબાજુની ગંદકી નજરે પડે છે. જેની એક નકલ આરોગ્ય ચેરમેનને મોકલેલ હોવાનું જણાવેલ છે. જેમાં અરજદારે ગંદકીની ફરીયાદ બાબતેની રજૂઆત છે શું માહિતી નહીં મળી તે અંગે કોઈ વિગતો જણાવેલ છે. તથા ન્યાયિક તપાસની રજૂઆત કરેલ છે. તથા અરજદારે તા.૬–૯–૧૧ ના રોજ ગુજરાત માહિતી આયોગને પણ બીજી અપીલ અરજીમાં મુદ્દા નં.૩ ખોટી અધૂરી અને ઈરાદાપૂર્વ ગેરમાર્ગે દોરાવવાની રજૂઆત કરતી અપીલ અરજી કરેલ છે. બીજી અપીલ અરજીના મુદ્દા નં.૪ માં જેમાં અરજદારે માહિતી ખોટી નં.૧ અને ર માટે દેખરેખ અને જવાબદારી અન્વયે ઉપરી અધિકારી ધ્વારા સૂચવવામાં આવેલ આરોગ્યલક્ષી કામગીરી કરવામાં આવે છે. તેવી રજૂઆત કરેલ છે. જે અંગે અરજદારને અપીલ તબકકે પૂરક વિગતોમાં પત્રક –૧ માં નાયબ આરોગ્ય અધિકારીની દેખરેખ અને જવાબદારી અંગેનું પત્રક–૧ જેમાં અધિકારી/કર્મચારીની નેચર ઓફ વર્ક જણાવતી વિગતો આપવામાં આવેલ છે. તથા પત્રક–ર માં કતારગામઝોનના વડાથી ડ્રાઈવર કલીનર સુધીના સ્ટેજ તથા ડ્રાઈવર કલીનરના સંસ્થાકીય ચાર્ટની નકલ તથા વાહનના પત્રકમાં નામ, નંબર અને વાહનોના પ્રકાર ગાડી નંબર સહિતની વિગતો પણ જણાવેલ છે. બીજી અપીલના મુદ્દા નં.પ માં અમરોલી ટ્રાન્સફર સ્ટેશનના ખાલી કરાતા કન્ટેનરો આજુબાજુની સોસા. ધ્યાને લેવાની રજૂઆત કરેલછે. આયોગના મુદ્દા નં.૬ માં મ. આરોગ્ય નિરીક્ષક કલ્પેશ પરમાર કર્મ. નં.૩ર૦૦ર ને ગંદકીથી બીમારી અને આરોગ્ય જોખમાય તેવી ફરીયાદ અંગે કરેલ રજૂઆત જણાવેલ છે. આયોગના મુદ્દા નં.૭ માં અમરોલી ટ્રાન્સફર સ્ટેશન ખાતે કચરું તથા મળેલા જાનવરો દાટવા બાબતે રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૮ માં રજૂઆતો અને ફરીયાદો અંગે વીડીયો શુટીંગ કરેલ છે. તેમ જણાવેલ છે. મુદ્દા નં.૯ અમરોલી ટ્રાન્સફર સ્ટેશનની બંધ કરવાની રજૂઆત કરેલ છે. આયોગના મુદ્દા નં.૧૧ માં ગાયત્રી ડેપોના પ્રોએકટીવ ડીસ્કલોઝર આરોગ્ય ખાતાના તમામ કર્મચારીઓની ફરજો અને અધિકારીઓની જાણકારી માંગેલ છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ અને ર ની માહિતી એન.ઝેડ/આ.નં.૪૧૪ર તા.ર૦–૯–૧૧ થી પૂરી પાડેલ છે. મુદ્દા નં.૧ર જેમાં અરજદારે ડ્રાઈવર બેલદારોના સ્ટાફની અધૂરી માહિતી આપેલ હોવાની રજૂઆત કરેલ છે. પરંતુ તે અંગે કોઈ આધાર રજૂ કરેલ નથી. મુદ્દા નં.૧૩ માં બેલદાર રમેશભાઈ બાબુરાવ કર્મ નં.૧૬૭પ૩ બાબતે બીમારીથી બે ત્રણ વર્ષથી નોકરીમાં આવતો નથી તેવી રજૂઆત કરેલ છે. મદ્દા નં. ૧૪ માં આરોગ્યલક્ષી કામગીરીની રજૂઆત કરેલ છે. આયોગના મુદ્દા નં.૧પ માં વાહન ડમ્પર પ્લેસર જી.ને.–પ.ટી/૭ર૮ કાર્યરત બતાવેલ છે જે ડીવીડીમાં સ્થિતિ શું બતાવેલ છે તેવી રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૧૬ માં મુદ્દા નં.૬ ની પુનઃ રજૂઆત કરેલ છે. આમ અરજદારે આયોગમાં કરેલી અરજીમાં મુદ્દા નં.૩ થી ૧૬ માં કરેલી રજૂઆતો સાથે આરોગ્ય હિતથી પીડીત ૧ થી ૧૯પ વ્યકિતઓની સહી સહિતની યાદી પણ રજૂ કરેલ છે. આમ અરજદારની

આયોગની અરજીમાં મુદ્દા નં.૩,૪,૧૧ અને ૧૨ આયોગને માહિતીને લગતા રજૂઆત મુદ્દા કરેલ છે અને જેમાં મુદ્દા નં.૧ અને ૨ ની માહિતી આવે છે જે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતો દરમ્યાન પૂરી પાડવામાં આવેલ છે. આ સિવાય મુદ્દા નં.૬,૭,૮,૯,૧૩ થી ૧૫ આરોગ્યની ફરીયાદને લગતી રજૂઆત છે. જેમાં ખાસ કરીને અમરોલી ટ્રાન્સફર સ્ટેશન બાબતેની મુખ્યત્વે રજૂઆત રહેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૪–૭–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.વધુમાં જાહેર માહિતી અધિકારીએ પ્રોએકટીવ ડીસ્કલોઝર બાબતે સુરત મહાનગપાલિકાના બીપીએમસી એકટ મુજબ કામગીરી થાય છે. તેવું જણાવેલ છે તથા વધુમાં સુરત મહાનગપાલિકાના કાર્યો અને ફરજોની વિગતો અધિકારી/કર્મચારીઓની ફરજો તથા બીપીએમસી એકટની માહિતી સુમપાની વેબસાઈટ WWW.suratmunicipal.gov.in પર મુકવામાં આવેલ હોવાનું જણાવી જો અરજદાર પાસે ઈન્ટરનેટની વ્યવસ્થા ન હોય તો ઝોન કચેરીનો સંપર્ક કર્યેથી ઝોનની વેબસાઈટ ઉપર બતાવવાનો પ્રસ્તાવ પણ કરેલ છે. જે મુજબ અરજદાર તે અંગે સંપર્ક કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. વધુમાં અરજદારે આયોગની અપીલમાં કરેલ આરોગ્ય બાબતે સબસ્ટેશન આરોગ્યની ગંદકી અને આરોગ્યલક્ષી સ્ટાફની ફરીયાદ બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રાઠોડ ભાણજીભાઈ રૂડાભાઈ,